એકમ 2

# અર્થશાસ્ત્રનો પરિચય - 2

## : રૂપરેખા :

2.0 અભ્યાસના ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 તૃષ્ટિગુણ પર આધારિત ગ્રાહકના વર્તનો સિદ્ધાંત

2.3 સમતૃપ્તિરેખા અને આધુનિક વિશ્લેષણનો અભ્યાસ

2.4 ઉત્પાદન વિધેય અને વિશ્લેષણ

2.5 બજાર અને બજાર વિશ્લેષણના સિદ્ધાંતો

2.6 વહેંચણીના સિદ્ધાંતો

2.7 કલ્યાણના સિદ્ધાંતો

2.8 આવક અને રોજગારીનો સિદ્ધાંત

2.9 સામાન્ય ભાવસપાટીનો સિદ્ધાંત

2.10 આર્થિક વિકાસના સિદ્ધાંતો

2.11 વહેંચણીના સમગ્રલક્ષી સિદ્ધાંતો

2.12 આંતરરાષ્ટ્રીય વ્યાપારના સિદ્ધાંતો

2.13 જાહેર અર્થશાસ્ત્રના સિદ્ધાંતો

2.14 પર્યાવરણનું અર્થશાસ્ત્ર

2.15 શહેરી અને ગ્રામીણ અર્થશાસ્ત્રના સિદ્ધાંતો

2.16 કૃષિ અર્થશાસ્ત્રના સિદ્ધાંતો

2.17 એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેનો સબંધ અને તફાવત

- 2.17.1 વ્યાખ્યાની દૃષ્ટિએ તફાવત
- 2.17.2 હેતુઓની દૃષ્ટિએ તફાવત
- 2.17.3 કાર્યક્ષેત્રની દૃષ્ટિએ તફાવત
- 2.17.4 અભ્યાસની પદ્ધતિની દૃષ્ટિએ તફાવત
- 2.17.5 વ્યાપવિશ્વની દૃષ્ટિએ તફાવત
- 2.17.6 રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દૃષ્ટિએ તફાવત
- 2.17.7 ઉપયોગિતાની દૃષ્ટિએ તફાવત

2.18 સમગ્રલક્ષી અને એકમલક્ષી અર્થશાસ્ત્રનું મહત્ત્વ

2.19 સમગ્રલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની મર્યાદા

2.20 સારાંશ

2.21 ચાવીરૂપ શબ્દો

2.22 તમારી પ્રગતિ ચકાસો

2.23 કેટલાક ઉપયોગી પુસ્તકોની યાદી

## 2.0 અભ્યાસના ઉદ્દેશો

(i) આ દ્વિતીય પ્રકરણનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થી મિત્રો તથા અભ્યાસુઓ અર્થશાસ્ત્રના વૈશ્વિક ફલકને સરળતાથી સમજી શકશે.

(ii) આ પ્રકરણમાં અર્થશાસ્ત્રની વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે ગ્રાહકનું વર્તન, પેઢીની ભૂમિકા, રોજગારીના ખ્યાલો, રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકનો ખ્યાલ વગેરે બાબતો વિગતવાર સમજી શકાશે.

(iii) આ પ્રકરણ દ્વારા ગ્રાહકનું વર્તન તૃષ્ટિગુણ આધારિત હોવાથી તેના જુદાં જુદાં મૉડેલો વિગતવાર સમજી શકાશે. તેમજ વિવિધ અર્થશાસ્ત્રીઓના ખ્યાલો વિગતવાર સમજી શકશે.

(iv) આ પ્રકરણમાં વિવિધ પ્રકારની સમતૃપ્તિ રેખાઓ દ્વારા ગ્રાહકની સમતુલા, તેના જુદાં જુદાં સિદ્ધાંતો, ગ્રાહકની સમતુલામાં પડેલા ભંગાણ કે બદલાતી સમતુલા વિગતવાર સમજી શકાશે.

## 2.1 પ્રસ્તાવના

સામાન્ય રીતે અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર એટલે તેનો અભ્યાસક્રમ, અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં ગ્રાહક, પેઢી, ઉદ્યોગો, રોજગારી, વેતન, રાષ્ટ્રીય આવક, માથાદીઠ આવક નફાનો ખ્યાલ, વર્તનના ખ્યાલો, ઔદ્યોગિક પ્રવૃત્તિનો સિદ્ધાંતો વગેરે બાબતોનો અભ્યાસ એકમલક્ષી સ્તરે અને સમગ્રલક્ષી સ્તરે કરવામાં આવે છે. અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રના સંદર્ભમાં અર્થશાસ્ત્રીઓમાં મતમતાંતરો છે. તેમ છતા, એમ કહી શકાય છે કે માનવીના આર્થિક વર્તનની આજુબાજુ જે સૈદ્ધાંતિક બાબતોનો સમૂહ છે તેને અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર કહેવાય છે. જે આ પ્રમાણે છે.

## 2.2 તૃષ્ટિગુણ પર આધારિત ગ્રાહકના વર્તનના સિદ્ધાંતો :

એકમલક્ષી અર્થશાસ્ત્રના પાયામાં ગ્રાહક અને ગ્રાહકનું વર્તન કેન્દ્રસ્થાને છે. આથી ગ્રાહકને ધ્યાનમાં રાખીને તેના જુદા જુદા સિદ્ધાંતો અને મોડેલો વિકસાવવામાં આવ્યા છે. તૃષ્ટિગુણ વિશ્લેષણ પર આધારિત સિદ્ધાંતોનો તેમાં અભ્યાસ કરવામાં આવે છે. જેમાં પ્રો. આલ્ફ્રેડ માર્શલના સિદ્ધાંતો, તૃષ્ટિગુણનો ખ્યાલ, ઘટતા જતા તૃષ્ટિગુણનો નિયમ, પ્રો. માર્શલનો માંગનો નિયમ, પુરવઠાનો નિયમ, માંગની મૂલ્ય સાપેક્ષતા, આવક સાપેક્ષતા, સામસામી (પ્રતિ મૂલ્ય સાપેક્ષતા) મૂલ્ય સાપેક્ષતા, ગ્રાહકની સમતુલા અને ગ્રાહકનો અધિક સંતોષ વગેરે બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે.

એકમલક્ષી અર્થશાસ્ત્રને મુખ્ય અર્થશાસ્ત્રની શાખા ગણવામાં આવે છે, જે આર્થિક વિશ્લેષણ કરીને વ્યક્તિગત આર્થિક વર્તણૂંકનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરે છે એટલુ જ નહીં આ વર્તણૂંક એ વ્યક્તિ, ઘર કે કંપનીની પણ હોઈ શકે છે. આ ઉપરાંત વર્તમાનમાં એકમલક્ષી અર્થશાસ્ત્રમાં કલ્યાણના સિદ્ધાતઓનો અભ્યાસ કરવામાં આવે છે.

## 2.3 સમતૃપ્તિરેખા અને આધુનિક વિશ્લેષણનો અભ્યાસ

પ્રો. માર્શલ ધૃરા તૃષ્ટિગુણ વિશ્લેષણમાં રહેલી ખામીઓને દૂર કરવા માટે પ્રો. જે. આર. હિક્સ, પ્રો. આર.ડી.જી. એલન, પ્રો. સ્લટસ્કી વગેરે અર્થશાસ્ત્રીઓના સિદ્ધાંતોનો અભ્યાસ કરવામાં આવે છે. જેમાં સમતૃપ્તિ રેખા કે તટસ્થરેખા દ્વારા ગ્રાહકના વર્તનને સમજાવવામાં આવે છે. સમતૃપ્તિ રેખા દ્વારા માંગનો નિયમ, ગ્રાહકની સમતુલા, આવક અસર, અવેજી અસર, કિંમત, અસર હલકા પ્રકારની વસ્તુઓ, ગ્રાહકનો અધિક સંતોષ વગેરે સિદ્ધાંતોની ચર્ચા કરવામાં આવે છે. આ ઉપરાંત માંગનું સંખ્યાત્મક વિશ્લેષણ, જોખમ અને અનિશ્ચિતતાના સંદર્ભમાં માંગના આધુનિક સિદ્ધાંતોનો અભ્યાસ કરવામાં આવે છે. જેમાં પ્રો. સેમ્યુલ્સનનો સિદ્ધાંત પ્રો. ન્યૂમેનનો સિદ્ધાંત, પ્રો. માર્ગસ્ટનનો સિદ્ધાંત, પ્રો. લેંકેસ્ટરનો સિદ્ધાંત વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

## 2.4 ઉત્પાદન વિધેય અને વિશ્લેષણ

અર્થતંત્રમાં કોઇ પણ વસ્તુનું ઉત્પાદન ઉત્પાદનના ચાર સાધનોની મદદથી થાય છે જેમ કે

જમીન, શ્રમ, મૂડી અને નિયોજક. દરેક પેઢી કે ઉદ્યોગ પોતાની વિવિધ પ્રવૃત્તિઓમાં સાધનોમાં સાધનોની ફાળવણી કેમ કરવી ? કેટલા પ્રમાણમાં કરવી ? કેવી રીતે કરવી ? વગેરે બાબતોમાં ઉત્પાદન વિધેયનો અભ્યાસ કરે છે તેમાં ઉત્પાદનના સાધનો અને ઉત્પાદન વચ્ચેનો સંબંધ, ઉત્પાદનના નિયમો, ઇષ્ટતમ સાધન સંયોજન, ન્યૂનતમ ખર્ચના સિદ્ધાંતો વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

## 2.5 બજાર અને બજાર વિશ્લેષણના સિદ્ધાંતો

કોઈ ગ્રાહક, પેઢી, ઉદ્યોગ કે પછી ઔદ્યોગિક માળખું કોઈ એક ચોક્કસ બજારમાં કામ કરે છે. તેમજ જે તે ચોક્કસ બજારમાં તેમણે ચોક્કસ હરીફાઈનો સામનો કરવો પડે છે. જેમ કે પૂર્ણ હરીફાઈનું બજાર, ઇજારાનું બજાર, ઇજારાયુક્ત હરીફાઈવાળુ બજાર, અલ્પહસ્તક ઇજારાનું બજાર, ફ્રિહસ્તક ઇજારાનું બજાર વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે. આ જુદાજુદા પ્રકારની બજારોમાં પેઢી અને ઉદ્યોગનું ઉત્પાદન, કિંમત નિર્ધારણ, પેઢી અને ઉદ્યોગની સમતુલા વગેરે બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે.

## 2.6 વહેંચણીના સિદ્ધાંતો

આપણે અગાઉ જોયુ તે મુજબ કોઈપણ વસ્તુનું ઉત્પાદન ચાર સાધનોની મદદથી થાય છે. પરંતુ આ ઉત્પાદનને રાખી મુકવાનું છે? ના, તેનું વેચાણ કરવાનું છે. આ વેચાણ કરવાથી જે આવક પ્રાપ્ત થાય છે તે આવકની વહેંચણી ઉત્પાદનના ચાર સાધનો વચ્ચે કરવાની છે તેથી આ સાધનોને કેટલી વહેંચણી કરી. જેમ કે, જમીનને કેટલું ભાડુ ચુકવવું, મૂડીને કેટલું વ્યાજ ચૂકવવું, શ્રમિકને કેટલું વેતન આપવું અને નિયોજકને કેટલો નફો આપવો વગેરે વિભિન્ન સિદ્ધાંતોનો અભ્યાસ એકમલક્ષી અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે. જેમાં પ્રો. ડેવિડ રિકોર્ડો, શ્રીમતી જોન રોબિન્સન, પ્રો. ચેમ્બરલીન, પ્રો. નાઇટ, પ્રો. જોસેફ શુમ્પિટર, પ્રો. પીટર ડ્રકર, પ્રો. કેઇન્સ વગેરેના સિદ્ધાંતોનો અભ્યાસ વિગતવાર કરવામાં આવે છે.

## 2.7 કલ્યાણના સિદ્ધાંતો

સૌ પ્રથમ પ્રો. એડમ સ્મિથના લખાણોમાં કલ્યાણનો ઉલ્લેખ જોવા મળે છે. ત્યારબાદ પ્રો. પીગુ, પ્રો. ફિશર, પ્રો. પરેટો, પ્રો. બર્ગસન, પ્રો. કેનેથ એરો, પ્રો. રાઉલ્સ, પ્રો. અમર્ત્ય સેનના અભ્યાસોમાં કલ્યાણનો ઉલ્લેખ જોવા મળે છે. વર્તમાનમાં મોટાભાગના દેશોએ કલ્યાણ રાજ્યના ખ્યાલને સ્વીકારેલ છે. ગ્રાહકએ એક વ્યક્તિ છે તેથી વ્યક્તિગત કે સામાજીક કલ્યાણનો ખ્યાલ અને તે સંબંધી વિવિધ ખ્યાલો અને સિદ્ધાંતોની અભ્યાસ કરવામાં આવે છે.

## 2.8 આવક અને રોજગારીનો સિદ્ધાંત

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં આવક અને રોજગારીના સિદ્ધાંતોનો અભ્યાસ કરવામાં આવે છે. જેમાં આવક અને રોજગારીની સપાટીને નિર્ધારિત કરતા પરિબળો તથા આ પરિબળોમાં કયા કયા કારણોસર ફેરફાર થાય છે તેનો અભ્યાસ કરવામાં આવે છે. આ ઉપરાંત આ વિશ્લેષણની પદ્ધતિમાં વ્યાપાર ચક્રો, ફુગાવો, મંદી, સામાન્ય ભાવ સપાટી, આંતરરાષ્ટ્રીય વ્યાપાર તથા આર્થિક વિકાસના સિદ્ધાંતોનો અભ્યાસ કરવામાં આવે છે. ઉપરોક્ત સિદ્ધાંતોમાં પ્રો. કેઇન્સ, પ્રો. મિલ્ટન, ફ્રિડમેન, પ્રો. વોલરાસ, જેવા અર્થશાસ્ત્રીઓનું ઘણુ જ પ્રદાન છે.

## 2.9 સામાન્ય ભાવસપાટીનો સિદ્ધાંત

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં સામાન્ય ભાવસપાટીના સિદ્ધાંતનો અભ્યાસ કરવામાં આવે છે. જે ફુગાવો, તેના પ્રકારો, ફિલિપ્સ વક્ર, નાણાંનું સંકોચન, નાણાંનાં વિસ્તરણ વગેરે સિદ્ધાંતોનો વિગતવાર અભ્યાસ કરવામાં આવે છે.

## 2.10 આર્થિક વિકાસના સિદ્ધાંતો

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસના સિદ્ધાંતોની વિગતવાર અભ્યાસ કરવામાં આવે છે. જેમાં વિકસિત અર્થતંત્રમાં થયેલી વૃદ્ધિ, વિકાસમાન અર્થતંત્રમાં થયેલી વૃદ્ધિ અને

વિકાસ, મૂડી સંચયની વિભાવના, રોજગારીની ટુંકાગાળાની અને લાંબાગાળાની સમસ્યાઓનો અભ્યાસ કરવામાં આવે છે.

## 2.11 વહેંચણીના સમગ્રલક્ષી સિદ્ધાંતો

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં રાષ્ટ્રીય આવકમાં વેતન અને નફામાં સાપેક્ષ હિસ્સાથી ચર્ચા કરવામાં આવે છે. આ અભ્યાસને મુખ્યત્ત્વે અર્થતંત્રની આવક અને રોજગારી સાથે નિસ્બત છે અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રને કેટલીક વખત આવક અને રોજગારીના સિદ્ધાંત તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ઉપરાંત વિકાસલક્ષી આયોજનની વ્યૂહરચના, રહેઠાણ સૂત્ર અને ટેકનિકની પસંદગી, સામાજીક, ખર્ચ-લાભ, વિશ્લેષણ, વ્યાપાર ચક્ર અને આંતરરાષ્ટ્રીય વ્યાપારના સિદ્ધાંતો અભ્યાસ કરવામાં આવે છે. પ્રો. બોલ્ડિંગ જણાવે છે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં વ્યક્તિની સમગ્ર રાષ્ટ્રીય આવકનો અભ્યાસ, સમગ્ર ભાવ સપાટીનો અભ્યાસ, સમગ્ર ઉત્પાદનનો અભ્યાસ, સમગ્ર વસ્તુની કુલ માંગ, કુલ ઉત્પાદન કુલ મૂડીરોકાણ કુલ આવક, કુલ બચતો, કુલ રોજગારી, વગેરેનો અભ્યાસ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં થાય છે.

## 2.12 આંતરરાષ્ટ્રીય વ્યાપારના સિદ્ધાંતો

અર્થશાસ્ત્રની શાખા તરીકે આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રનો અભ્યાસ કરવામાં આવે છે. જેમાં પ્રો. એડમ સ્મિથનો નિરપેક્ષ ખર્ચનો સિદ્ધાંત, પ્રો. હેકસર અને પ્રો. ઓહલીનનો સાધન પરિણામનો સિદ્ધાંત, પ્રો. ડોનાલ્ડ કે સિંગનો સિદ્ધાંત, પ્રો લીયોનિનકુનો કોયડો, પ્રો. ગ્રૂબર, પ્રો. મહેતા અને પ્રો. વર્નોનનો આંતરરાષ્ટ્રીય વેપારનો સિદ્ધાંત અને તાજેતરનો પ્રો. પોલ ક્રુગમેનનો સિદ્ધાંતનો અભ્યાસ કરવામાં આવે છે.

## 2.13 જાહેર અર્થશાસ્ત્રના સિદ્ધાંતો

ઇ.સ. 1929ની મહામંદી પછી વૈશ્વિક અર્થકારણમાં સરકારની દરમિયાનગીરી હોવી જ જોઇએ તેવું વલણ જોવા મળ્યું. તેથી આર્થિક વિકાસની સ્થિરતા માટે સરકારની ભૂમિકા, વિકાસનું વિસ્તરણ, આવકનું વિસ્તરણ વગેરે જેવા હેતુઓને સિદ્ધ કરવા માટે જાહેર અર્થશાસ્ત્ર સંપૂર્ણ વિષય તરીકે વિકાસ પામે, તેમજ સરકારની વિશેષ ભૂમિકા તૈયાર થાય તે માટે જાહેર અર્થશાસ્ત્રનો ઉદ્ભવ થયો. ખાસ કરીને બીજા વિશ્વયુદ્ધ પછી અર્થતંત્રના આર્થિક વિકાસ માટે જાહેર અર્થશાસ્ત્રની ભૂમિકા વધારે દ્રઢ બની.

## 2.14 પર્યાવરણનું અર્થશાસ્ત્ર

સમગ્ર વિશ્વમાં છેલ્લા ત્રણ દાયકાથી પર્યાવરણીય સમસ્યાઓએ સૌનું ધ્યાન ખેચ્યું છે. કુદરતી સંસાધનોની જાળવણીના સિદ્ધાંતો, નિભાવપાત્ર વિકાસના સિદ્ધાંતો, હકારાત્મક અને નકારાત્મક બાહ્ય આંક અસરો, જમીન અને જીવંત પશુઓના પર્યાવણીય પ્રશ્નો દરિયાઇ જીવસંપત્તિ, પ્રદૂષણ અને તેના નિભાવના પ્રશ્નો, ઔદ્યોગિક વિકાસ અને પર્યાવરણ વચ્ચેનો સંબંધ, વૈશ્વિક તાપમાનનો બદલાવ, હવા, પાણી, અવાજ અને અવકાશી પ્રદૂષણના પ્રશ્નો, એસિડનો વરસાદ, સોદા ખર્ચનો સિદ્ધાંત, WTO, WHO અને UN ની ભૂમિકા, આંતરરાષ્ટ્રીય પર્યાવરણીય કરારો અને સંધિઓ વગેરે બાબતોનો અભ્યાસ કરવામાં આવે છે. જેમા પ્રો. બુન્ડ લેન્ડ, પ્રો. સ્કોટ કેનાલ, પ્રો. જેનેટ થોમસ, પ્રો. ગેરેટ હર્ઝીન, પ્રો. મન્કુર ઓલ્સન, પ્રો. રોનાલ્ડ કોઝ, પ્રો. માઇકલ લિપ્ટન વગેરે પર્યાવરણવાદી અર્થશાસ્ત્રીઓનું સૌથી મોટુ યોગદાન રહેલું છે.

## 2.15 શહેરી અને ગ્રામિણ અર્થશાસ્ત્રના સિદ્ધાંતો

આર્થિક વૃદ્ધિ અને વિકાસની પ્રાપ્ત માટે સ્થળની ભૂમિકા ખુબ જ મહત્ત્વની છે. તેથી શહેરી વિકાસ અને ગ્રામિણ વિકાસ પર ખુબ જ ધ્યાન અપાયુ છે. તેથી શહેરી અર્થશાસ્ત્ર અને ગ્રામિણ અર્થશાસ્ત્રનો અભ્યાસ થવો જરૂરી છે. ભૌગોલિક અસમાનતાઓને દૂર કરવા માટે તથા પડકારોને પહોંચી વળવા માટે પ્રાદેશિક અર્થશાસ્ત્રનો વિકાસ થયો છે તેમજ તેના વિવિધ સિદ્ધાંતોને અભ્યાસ કરવામાં આવે છે.

## 2.16 કૃષિ અર્થશાસ્ત્રના સિદ્ધાંતો

ભારત કૃષિપ્રધાન દેશ હોવાથી તેના અર્થશાસ્ત્રીય સિદ્ધાંતોનો અભ્યાસ કરવો ખુબ જ જરૂરી છે. જમીન વપરાશની અને પાકમાં બદલાતી તરાહનો અભ્યાસ, કૃષિનિયજકોનો ખ્યાલ, હરિયાળીક્રાંતિનો ખ્યાલ, જમીન સુધારાણાનો ખ્યાલ, કૃષિધિરાણના સિદ્ધાંતોનો, કૃષિનીતિ, પ્રાદેશિક ગ્રામિણ બેંકો, નાબાર્ડની ભૂમિકા, RBI ની ભૂમિકા, સહયારી મંડળીની ભૂમિકા વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

આમ, અર્થશાસ્ત્ર વિશાળ વિષય હોવાથી તેનું કાર્યક્ષેત્ર પણ ખુબ જ વિશાળ છે.

## 2.17 એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેનો સબંધ અને તફાવત

અર્થશાસ્ત્ર વચ્ચેનો સંબંધ અને તફાવત સામાન્ય રીતે જ આર્થિક વિશ્લેષણમાં ગ્રાહક, પેઢી અને ઉદ્યોગોનો સ્વતંત્ર રીતે અભ્યાસ કરવામાં આવતો હોય તો તેને એકમલક્ષી આર્થિક વિશ્લેષણ કહેવામાં આવે છે. જેમાં ગ્રાહકના વર્તનની આર્થિક દ્રષ્ટિકોણથી ચકાસણી કરવામાં આવે છે તેમજ દરેક એકમને નાનું એકમ ગણીને તેના ઉત્પાદનલક્ષી, વપરાશલક્ષી, કિંમતલક્ષી, સમયલક્ષી, બજારલક્ષી પાસાંઓને તપાસવામાં આવે છે. પ્રો. ઇ. બોલ્ડીંગ જણાવે છે કે "એકમલક્ષી અર્થશાસ્ત્રમાં અમુક ચોક્કસ પેઢીઓ, ઉદ્યોગો અને કૌટુંબિક એકમો તથા અમુક ચોક્કસ કિંમતો, વેતન, આવક તથા વસ્તુઓનો અભ્યાસ કરવામાં આવે છે." જ્યારે પ્રો. મોરીસ ડોલ જણાવે છે કે "એકમલક્ષી અર્થશાસ્ત્રએ અર્થતંત્રનો સૂક્ષ્મદર્શક અભ્યાસ કરે છે" હવે મિત્રો સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની વાત કરીએ તો જે અર્થશાસ્ત્રમાં અર્થતંત્રના કોઇ એક ઘટકનો નહીં પરંતુ બધા જ ઘટકોનો સમગ્રલક્ષી અભ્યાસ કરવામાં આવે તેને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર કહેવાય છે, સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર એટલે મહત્ત્વના પરિબળો, ઘટકો કે પાસાંઓ પ્રત્યેનો સમગ્ર રીતે અભ્યાસ કરવાની પદ્ધતિ, જેમાં સમગ્રલક્ષી બાબતોને આવરી લેવાય છે. પ્રો. બોલ્ડીંગના મતે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં વ્યક્તિગત આવકને બદલે સમગ્રલક્ષી આવક, વસ્તુની કિંમતને બદલે સામાન્ય ભાવસપાટી, પેઢી કે ઉદ્યોગના ઉત્પાદનને બદલે સમગ્ર દેશના ઉત્પાદનનો અભ્યાસ કરવામાં આવે છે. તેમાં કુલ માંગ, કુલ ઉત્પાદન, કુલ આવક, કુલ બચતો, કુલ મૂડી રોકાણ, કુલ રોજગારી, કુલ વેતનો વગેરેના સંદર્ભમાં સમગ્રલક્ષી અભ્યાસ કરવામાં આવે છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં પ્રો. જે. એમ. કેઇન્સનું મોટું પ્રદાન છે. વર્ષ 1929ની મહામંદી પછી પ્રો. કેઇન્સે વર્ષ 1936માં "જનરલ થિયરી ઓફ એમપ્લોયમેન્ટ, ઇન્પેસ્ટ એન્ડ મની" પ્રકાશિત કર્યુ તેથી પ્રો. કેઇન્સનો સમગ્રલક્ષી 'અર્થશાસ્ત્રના ભીષ્મપિતા' પણ કહેવાય છે. જો કે વિદ્યાર્થી મિત્રો તમે અર્થશાસ્ત્રનો ઇતિહાસ વાંચો તો ખ્યાલ આવે કે પ્રો. એડમ સ્મિથ, પ્રો. જે.બી. સે, પ્રો.જે.એસ. મીલ, પ્રો. રિકાર્ડો વગેરે અર્થશાસ્ત્રીઓનું પ્રદાન પણ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું રહ્યું છે. જ્યારે પ્રો. આલ્ફ્રે માર્શલ, પ્રો. એ.સી. પીગુ, પ્રો. પોલ સેમ્યુલ્સન, પ્રો. જે. આર. હિક્સ, પ્રો. આર.ડી.જી લન, પ્રો. સ્લટસ્કી વગેરે અર્થશાસ્ત્રીઓનું પ્રદાન મોટાભાગે એકમલક્ષી અર્થશાસ્ત્રનુ રહ્યું છે. જોયુ મિત્રો કેટલા બધા અર્થશાસ્ત્રીઓનો ફાળો રહ્યો છે. ઉપરોક્ત અભ્યાસમાં તમે સમજી ગયા હશો કે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અને એકમલક્ષી અર્થશાસ્ત્ર એટલે શું ? ચાલો હવે બંને વચ્ચેના તફાવતને મુદ્દાસર જોઇએ.

### 2.17.1 વ્યાખ્યાની દ્રષ્ટિએ તફાવત :

સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અને એકમલક્ષી અર્થશાસ્ત્રમાં વ્યાખ્યાના સંદર્ભમાં તફાવત છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર સમગ્ર બાબતોનો અભ્યાસ કરે છે. જ્યારે એકમલક્ષી અર્થશાસ્ત્ર વ્યક્તિગત બાબતોનો અભ્યાસ કરે છે.

### 2.17.2 હેતુઓની દ્રષ્ટિએ તફાવત :

સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અને એકમલક્ષી અર્થશાસ્ત્રના ઉદ્દેશો ભિન્ન ભિન્ન છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો હેતુ અર્થતંત્રને સમગ્ર રીતે તપાસી કુલ રાષ્ટ્રીય આવક, કુલ માંગ, કુલ ઉપભોગ, કુલ બચત, કુલ મૂડીરોકાણ, કુલ રોજગારી, વગેરેનો અભ્યાસ કરે છે. જ્યારે એકમલક્ષી અર્થશાસ્ત્રનો હેતુ ઉત્પાદનના

સાધનોના સંદર્ભમાં વ્યક્તિગત પેઢીની સાધનોની ફાળવણી, ઉત્પાદન નિર્ધારણ, સમતુલાની સ્થિતિ વગેરેને વિગતવાર સમજાવે છે.

**2.17.3 કાર્યક્ષેત્રની દ્રષ્ટિએ તફાવત :**

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો એકમલક્ષી અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર જુદું જુદું છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં નાણાંના સિદ્ધાંતો, રાષ્ટ્રીય આવકના સિદ્ધાંતો, રોજગારીના સિદ્ધાંતો, બચતના સિદ્ધાંતો, મૂડીરોકાણના સિદ્ધાંતો વગેરેનો અભ્યાસ થાય છે. જ્યારે એકમલક્ષી અર્થશાસ્ત્રમાં ગ્રાહકની વર્તણૂંકના સિદ્ધાંતો, પેઢીની વર્તણૂંકના સિદ્ધાંતો, બજાર વિશ્લેષણના સિદ્ધાંતો, આવકની વહેંચણીની સિદ્ધાંતો વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

**2.17.4 અભ્યાસ પદ્ધતિની દ્રષ્ટિએ તફાવત :**

સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર સમગ્રલક્ષી પદ્ધતિની વિવિધ બાબતોને તપાસીને કુલ આવક, કુલ ઉત્પાદન, કુલ રોજગારી વગેરેનો અભ્યાસ કરે છે જ્યારે, એકમલક્ષી અર્થશાસ્ત્ર એકમલક્ષી પદ્ધતિથી આર્થિક એકમોનો અભ્યાસ કરે છે. જો કે ગ્રાહકનું વર્તન, પેઢીનું વર્તન, ઉદ્યોગનું વર્તન વગેરે...

**2.17.5 વ્યાપવિશ્વની દ્રષ્ટિએ તફાવત :**

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો વ્યાપ એકમલક્ષી અર્થશાસ્ત્ર કરતા ખુબ જ વિશાળ છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર સમગ્ર રાષ્ટ્રોનો સમુહ તથા આંતરરાષ્ટ્રીય બાબતનું છે. જ્યારે એકમલક્ષી અર્થશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર વ્યક્તિગત આર્થિક એકમો પૂરતું જ છે.

નાણાંનો પૂરવઠો, ઉત્પાદન ખર્ચ, ફુગાવો, મંદી વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે, જ્યારે એકમલક્ષી અર્થશાસ્ત્રમાં નિરપેક્ષ ખર્ચનું સ્તર તથા તેના ખર્ચ માળખાનો અભ્યાસ કરવામાં આવે છે.

**2.17.6 રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય દ્રષ્ટિએ તફાવત :**

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં ઉત્પાદન, રોજગારી, ભાવનીતિ, આર્થિક વિકાસ સંદર્ભમાં રાષ્ટ્રીય પરિસ્થિતિની આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ સાથે તુલના કરીને અભ્યાસ કરવામાં આવે છે, જ્યારે એકમલક્ષી અર્થશાસ્ત્રમાં પેઢી અને ઉદ્યોગની સમસ્યાને વ્યક્તિગત રીતે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ તપાસવામાં આવે છે.

**2.17.7 ઉપયોગિતાની દ્રષ્ટિએ તફાવત :**

સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર જ્યારે આર્થિક એકમોમાં સમાનતા હોય ત્યારે વધુ ઉપયોગી સાબિત થાય છે, જ્યારે આર્થિક એકમોમાં તફાવત ઉભો થાય છે ત્યારે એકમલક્ષી વધારે ઉપયોગી થાય છે.

જોયુને મિત્રો, એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચે કેટલો તફાવત છે, પરંતુ તેમ છતા કહી શકાય કે આ બંને વિશ્લેષણો એકબીજાથી જુદા નહીં પરંતુ એકબીજાના પૂરક છે. વાસ્તવમાં તો સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના માળખાંમાં રહીને જ એકમલક્ષી અર્થશાસ્ત્રને સમજાવી શકાય છે. તેવી જ રીતે એકમલક્ષી વિગતોનો સરવાળો કરીને સમગ્રલક્ષી વિગતો નિષ્પન્ન કરી શકાય છે. આમ એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચે તફાવત હોવા છતા બંને એકબીજાના પૂરક છે.

## 2.18 સમગ્રલક્ષી અને એકમલક્ષી અર્થશાસ્ત્રનું મહત્ત્વ

રાષ્ટ્ર કે રાજયને આર્થિક નીતિના ઘડતર અને અમલીકરણ માટે સમગ્રલક્ષી વિશ્લેષણનું ઘણું જ મહત્ત્વ છે, જ્યારે એકમલક્ષી અર્થશાસ્ત્ર મુક્ત અર્થતંત્રની કાર્યપદ્ધતિને સમજવા માટે ખુબ જ સહાયભૂત થાય છે. અર્થતંત્રમાં અસંખ્ય ઉત્પાદકો અને ગ્રાહકોની અનેકવિધ ચીજવસ્તુઓના ઉત્પાદન અને વપરાશના સાધનોની ફાળવણીના નિર્ણયો સ્વતંત્ર રીતે લેવાતા હોય છે.

રાષ્ટ્રમાં કેટલાક આર્થિક પ્રશ્નો એટલા બધા જટિલ અને અટપટા હોય છે કે તેને વ્યક્તિગત રીતે તપાસવાનું શક્ય નથી. તેથી તેને રાષ્ટ્ર રીતે અભ્યાસ કરવો પડે છે તેથી સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું ઘણું જ મહત્ત્વ છે, જ્યારે એકમલક્ષી અર્થશાસ્ત્ર રાષ્ટ્ર કે રાજયની આર્થિકનીતિના મૂલ્યાંકન માટે

વિશ્લેષણાત્મક સાધનો પૂરા પાડે છે. જેમ કે મિશ્ર અર્થતંત્રમાં અનેક સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આવી સેવાઓનો પૂરવઠો તેની કિંમતને અસર કરે છે. આવા સંજોગોમાં એકમલક્ષી અર્થશાસ્ત્ર રાષ્ટ્ર કે રાજ્યને જાહેર સેવાઓના સંદર્ભે મદદ કરે છે. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અભ્યાસ એકમલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસ માટે આવશ્યક છે. જ્યારે રાષ્ટ્ર કે રાજ્યને સાધનોની કાર્યક્ષમ ફાળવણીમાં એકમલક્ષી અર્થશાસ્ત્ર ઉપયોગી થાય છે. આ ઉપરાંત એકમલક્ષી અર્થશાસ્ત્ર સંયોજકો અને સંચાલકોને આપેલા સાધનો દ્વારા ઇષ્ટતમ ઉત્પાદકતા મેળવવાનું માર્ગદર્શન પૂરૂ પાડે છે. તેમજ તેની માંગની આગાહીઓ કરે છે. આ ઉપરાંત કરવેરા તથા આંતરરાષ્ટ્રીય વ્યાપારના કેટલાક પ્રશ્નોને સમજવા માટે એકમલક્ષી અર્થશાસ્ત્રનું ઘણું જ મહત્ત્વ છે.

આમ, સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અને એકમલક્ષી અર્થશાસ્ત્ર, એક સિક્કાની બે બાજુઓ છે. બંને એકબીજાના પૂરક પણ છે અને એકબીજાથી ભિન્ન પણ છે.

## 2.19 સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અને એકમલક્ષી અર્થશાસ્ત્રની મર્યાદાઓ :

વર્તનમાન સમયમાં સમગ્રલક્ષી અર્થસાસ્ત્રનો ઝડપથી વિકાસ થયો છે તેવી જ રીતે એકમલક્ષી અર્થશાસ્ત્રનો પણ ઘણો જ વિકાસ થયો છે તેથી સમયાંતરે તેની કેટલીક મર્યાદાઓ સામે આવી છે. સમગ્રલક્ષી વિશ્લેષણમાં વધારે પડતા સામાન્યીકરણને કારણ સાવચેતી એ રાખવી પડે કે તેના તારણો કોઇ વ્યક્તિગત એકમને નુક્શાનકારક હોઇ શકે બીજી બાજુ એકમલક્ષી વિશ્લેષણ અપૂર્ણ હોવાથી તે પેઢી કે ઉદ્યોગને લાક્ષકર્તા બની શકે નહીં. કારણ કે, તે ધારણા આધારિત હોય છે. પરંતુ, વાસ્તવમાં અર્થતંત્રમાં ધારણાઓ પામી હોતી નથી.

સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અભ્યાસ એકમલક્ષી અર્થશાસ્ત્રના વિકાસ માટે આવશ્યક માનવામાં આવે છે. જેમ કે ઘટતા જતા તૃષ્ટિગુણનો નિયમ એકમલક્ષી અર્થશાસ્ત્રમાં આવે છે. પરંતુ આ નિયમ કોઇ કે વ્યક્તિ કે કેટલાક વ્યક્તિના અનુભવના આધારે તારવવામાં આવતો નથી પરંતુ, સામૂહિક અનુભવના વધારે તારવવામાં આવે છે તેથી તેને કઇ વ્યક્તિગત એકમમાં લાગુ પાડી શકાય નહી.

આમ, સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અને એકમલક્ષી અર્થશાસ્ત્રની ઘણી બધી મર્યાદાઓ હોવા છતા તેનુ મહત્ત્વ ઓછું લઇ શકાય નહીં.

## 2.20 સારાંશ

વર્તમાન આર્થિક વિશ્લેષણમાં તથા વર્તમાન આર્થિક પ્રવાહમાં સમગ્રલક્ષી વિશ્લેષણ તથા એકમલક્ષી વિશ્લેષણ ખુબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર એવો શબ્દ પ્રયોગ સૌપ્રથમ વર્ષ 1933 માં ઓસ્લો યુનિર્વસિટીના પ્રોફેસર રહનાર હિસ્ફે કર્યો હતો. ત્યારબાદ આ બંને પ્રકારો આપણા જીવનમાં એટલા બધા નજીકથી વણાઇ ગયા કે સામાન્ય વ્યવહારમાં આ બંને પ્રકારના અર્થશાસ્ત્રની ખુબ જ ચર્ચા થાય છે. આપણે સૌ જાણીએ છીએ કે સૌપ્રથમ ચાણક્ય ઋષિના ગ્રંથોમાં અર્થશાસ્ત્ર જોવા મળ્યું ત્યારથી શરૂ કરી પ્રો. એડમ સ્મિથ, પ્રો. ઓલ્ફ્રેડ માર્શલ, પ્રો. લાયોનલ રોબિન્સ, પ્રો. એસીપીગુ, પ્રો. જે.એમ ઇન્સ અને વર્તમાનમાં પ્રો. અમર્ત્યકુમાર સેન જેવા અર્થશાસ્ત્રીઓનો ફાળો ખુબ જ મોટો રહ્યો છે મને આશા છે કે "અર્થશાસ્ત્ર પરિચય" પ્રકરણ - 1 માં આપ સૌ વિદ્યાર્થી મિત્રોને અર્થશાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત થયુ હશે.

## 2.21 ચાવીરૂપ શબ્દો (Key Word)

**(1) તૃષ્ટિગુણ :** તૃષ્ટિગુણનો અર્થ થાય છે કે ચીજવસ્તુઓ અને સેવાઓમાંથી જરૂરિયાતો સંતોષવાનો ગુણ એટલે તૃષ્ટિગુણ.

**(2) ઘટતો તૃષ્ટિગુણ :** કોઇ ચોક્કસ સમયગાળા દરમિયાન ચીજવસ્તુઓ કે સેવાઓનો સતત ઉપયોગ કરવામાં આવે ત્યારે તેમાંથી મળતો તૃષ્ટિગુણ ઘટતો જાય છે.

**(3) માંગનો નિયમ :** જો અન્ય પરિબળો યથાવત્ રહે તો ચીજવસ્તુ કે સેવાઓની કિંમત વધતા માંગ ઘટે છે અને કિંમત ઘટતા માંગ વધે છે.

(4) **માંગની મૂલ્ય સાપેક્ષતા :** કોઇ ચોક્કસ સમયગાળા દરમિયાન ચીજવસ્તુઓની કિંમતમાં થતા ટકાવારી ફેરફારને કારણે તેમની માંગમાં થતા ટકાવારી ફેરફારના ગુણોત્તરને માંગની મૂલ્ય સાપેક્ષતા કહેવાય છે.

(5) **તટસ્થરેખા અથવા સમતૃષ્ટિ રેખા :** તટસ્થ રેખા એટલે એવી બર્હિગોળ રેખા કે જેના પર આવેલા તમામ બિંદુઓ એકસરખો સંતોષ આપે છે.

(6) **ઉત્પાદન વિધેય :** ચોક્કસ સમયગાળા દરમિયાન જે તે ચીજવસ્તુનું ઉત્પાદન તેના નિયોજકોને આધારે નક્કી થતું હોય તેને ઉત્પાદન વિધેય કહેવાય છે.

(7) **બજાર :** જ્યાં ખરીદનારાઓ અને વેચનારાઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ચીજવસ્તુઓ કે સેવાઓનો વિનિમય કરતાં હોય તે સ્થળને 'બજાર' કહેવાય છે.

(8) **પૂર્ણ હરિફાઈ :** જે બજારમાં અસંખ્ય ખરીદનારાઓ, અસંખ્ય વેચનારાઓ, એકસમાન વસ્તુ અને કિંમતો હોય તે બજાર વ્યવસ્થાને પૂર્ણ હરીફાઈવાળું કહેવાય છે.

(9) **ઈજારો :** જે બજારમાં એક જ વેચનાર કે ઉત્પાદક હોય તથા અસંખ્ય ખરીદનારાઓ હોય તેને 'ઇજારાનું બજાર' કહેવાય છે.

(10) **અલ્પહસ્તક ઈજારો :** જે બજાર વ્યવસ્થામાં માત્ર થોડાંક જ વેચનારાઓ હોય તેને 'અલ્પહસ્તક ઈજારાવાળું' કહેવાય છે.

(11) **દ્વિહસ્તક ઈજારો :** જે બજાર વ્યવસ્થામાં માત્ર બે જ વેચનારાઓ હોય તેને દ્વિહસ્તક ઈજારાવાળું બજાર કહેવાય છે.

(12) **રાષ્ટ્રીય આવક :** ઉત્પાદનના ચાર સાધનોની મદદથી જે ઉત્પાદન થાય તેને તેના વેચાણથી પ્રાપ્ત થતી આવકને રાષ્ટ્રીયત આવક કહેવાય છે.

## 2.22 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.**

૧. અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર શું છે ? અર્થશાસ્ત્ર કઇ કઇ બાબતોનો અભ્યાસ કરે છે તે જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

૨. એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેનો સંબંધ સમજાવો. તે બંને વચ્ચે શું તફાવત છે ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**(ખ) ટૂંકનોધ લખો**

૧. એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ

..................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

૨. એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસની મર્યાદાઓ

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

## 2.23 કેટલાક ઉપયોગી પુસ્તકોની યાદી.


(1) જોષી એમ.વી. (1996) "એકમલક્ષી અર્થશાસ્ત્ર" દર્પણ પ્રકાશન-રાજકોટ

(2) Ahuja H.L (2017) "An Anvanced Economics theory. Micro Econimics Analysis", S. Chand & Company

(3) જોષી આર.સી. અને ભટ્ટે જે.પી. (2015) "એકમલક્ષી અર્થશાસ્ત્ર" ન્યુ પોપ્લુલર પ્રકાશન સુરત.

(4) જોષી એમ.વી. (2000) "એકમલક્ષી અર્થશાસ્ત્ર" ક્રિએટીવ પ્રકાશ-વેરાવળ